**૦૨/૦૩/૨૦૨૧**

પ્રતિ,

**ચેરમેનશ્રી,**

ખજોદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી,

સુરત

**વિષય : ટી.પી. સ્કીમ નં.૨૬ (આભવા) મોજે : આભવા સુરતને ઝડપથી ડેવલપ કરી શકાય તે અંગે યોગ્ય પગલાં ભરવા બાબત...**

મહેરબાન સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ખજોદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી(ખુડા)માં સમાવેશ કરવામા આવેલ આભવા ગામમાં ટી.પી.સ્કીમનો ઈરાદો જાહેર કરી ટી.પી.સ્કીમ નં.૨૬ બનાવવામાં આવેલ છે. આ ટી.પી. સ્કીમ વિશે વિગતે આપ જાણો છો કે ટી.પી.સ્કીમ નં.૨૬ ને રાજય સરકાર દ્વારા મંજુરી મળી ગયેલ છે. આ ટી.પી.સ્કીમનો સમાવેશ ખુડા એરીયામાં હોવા છતાં પ્રાથમિક સુવિધાઓ તથા અન્ય ડેવલપમેન્ટ સારૂ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા તેમાં રોડ-રસ્તા, પાણીની સુવિધા તથા ગટર સંબંધિત કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે જે સરાહનીય છે. તેમ છતાં જરૂરી કબજા ફેરફારો (ટી.પી.સ્કીમ અન્વયે) તથા નાના રોડ ન ખુલવાને કારણે ટી.પી.સ્કીમમાં અમો ડેવલપમેન્ટ કરી શકતાં નથી. હાલ ડ્રીમસીટીમાં આવેલ ડાયમંડ બુર્સમાં ટુંક સમયમાં ઓફિસો ચાલુ થતાં આ ટી.પી.સ્કીમ વિસ્તારમાં ડેવલપમેન્ટ તથા ડીમાન્ડની ખુબ ઉજળી તકો રહેલી છે. જે સંદર્ભમાં આપશ્રીને નમ્ર વિનંતિ છે કે ટી.પી.સ્કીમના સ્ટેક હોલ્ડર્સની મિટીંગ બોલાવી કબજા ફેરફાર કે રસ્તા ખુલ્લા કરવા અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. ઉપરોકત કાર્યમાં ક્રેડાઇ-સુરત આપની સાથે ઉભા રહી જરૂરી સાથ-સહકાર આપવાની ખાત્રી આપીએ છીએ.

આપના સહકારની અપેક્ષા સહ.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઇ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્મંત્રી** |
| **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** |